# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-૩/૧૯-૨૦/૨૯૨–૫** **તા.૧૫–૦૧–૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૮/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **શ્રી એ. પી. પટેલ એજ્યુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે શિવલાલભાઈ બારસીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૨**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **એન.ડી.રૂઘાણી** અને તેમની સાથે ડી.કે.માધવાચાર્ય ડી.વાય.એસ.એ. પીજીવીસીએલ વિભાગીય કચેરી **રાજકોટ શહેર-૨**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૭-૦૧-૨૦૨૦ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૭-૦૧-૨૦૨૦ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી એ. પી. પટેલ એજ્યુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ગામ -રાજકોટ તેઓની અરજીના નોંધણી નં: ૨૮/ક્વા-૩/૧૯-૨૦ માં જણાવે છે કે - તેઓ ગ્રાહક નં.–૮૭૬૦૧૦૩૩૫૮૯ થી જીએલપી ટેરીફ નુ વીજજોડાણ ધરાવે છે. જેમાં ઈલેક્ટ્રીસીટી ડયુટી ૧૫% અન્વયે તફાવત ની રકમ રૂ.૪૪,૧૯૧/– ભરપાઈ કરવા લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૫–૦૭–૧૯ થી જણાવેલ છે. જે અન્વયે અરજદાર જણાવે છે કે – સ્કુલ કોલેજ નુ સ્થળ ૨૦૧૪ મા ફેરવેલ છે, જેના આધાર–પુરાવા બીલીંગમાં વીજકર ખોટી રીતે લેવામા આવેલ છે, જેની વિશેષ રજુઆત સુનાવણી વખતે કરવામા આવશે – આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૨.૧ શ્રીમતી અમૃતાબેન પોપટભાઈ પટેલ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત આર.આર.પટેલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નુ સ્થળ – અમીનમાર્ગ અમૃત રેસી. સામે રાજકોટ ખાતે ફેરવેલ હોય – જે સ્થળ બદલી અંગેનો પરીપત્ર સૌરાષ્ટ્ર યુની. ના પત્ર નં.– જોડાણ/૨/૩૧૭૨/૨૦૧૪ તા.૦૧–૦૨–૧૪ મુજબ – સદર બદલાવેલ સ્થળ

બદલેલ હોય – જે બાબતે સંલગ્ન કચેરીને નકલ આપેલ છે – જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર દ્રારા જે વીજકર લેવામા આવતો હતો – તે યોગ્ય હોય – વધારાના તફાવતની વીજશુલ્ક ની રકમ ભરપાઈ કરવા જણાવેલ છે, જે રદબાતલ કરવા – અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક શ્રી પ્રિન્સીપાલ આર.આર.પટેલ. જેઓ લ..નગર પેટાવિભાગીય કચેરી હેઠળ ૬ કિલોવોટનું જી.પી.એલ કેટેગરી નું વિજ કનેક્શન ધરાવે છે.જેના વિજ ગ્રાહક નંબર -૮૭૬૦૧૦૩૩૫૮૯ જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ નાં ઓડીટ રિપોર્ટ દરમ્યાન માલુમ પડેલ કે સદર વિજ ગ્રાહકને એપ્રિલ ૨૦૧૩ની સાલ થી જે વિજ બિલ આપવામાં આવતું તેમાં ઇલેક્ટ્રિક ડ્યુટી (વિદ્યુત શુલ્ક) ૧૧.૨૫% લેવામાં આવતી, પરંતુ આ વિજ કનેક્શનમાં લેવા પાત્ર ૧૫% ઇલેક્ટ્રિક ડ્યુટી લેવાની થાય, તેમજ વિશેષમાં જણાવવાનું કે આ વિજ કનેક્શન માં ૧૫% મુજબ જ વિદ્યુત શુલ્ક લાગુ પડતો હતો. તેમાં ઓડીટની નોંધણી મુજબ -એપ્રિલ ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૯ સુધી લેવા પાત્ર તફાવતની રકમ ગણતા આ રકમ રૂ.૪૪૧૯૧.૪૮ પૈસાની છે, અને તે યોગ્ય છે, આ સાથે સદરું વિજ ગ્રાહકનું વિજ વપરાસનું સ્ટેટમેન્ટ (૧૪૫ પીઆરટી) ઓડીટ રીકવરી કેલ્ક્યુલેશન સીટ ની નકલ રજુ કરેલ છે,

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરીયાદી અરજદાર શ્રી પ્રિન્સીપાલ આર.આર.પટેલ. જેઓ લક્ષ્મીનગર પેટાવિભાગીય કચેરી હેઠળ ૬ કિલોવોટનું જી.પી.એલ કેટેગરી નું જેના વિજ ગ્રાહક નંબર -૮૭૬૦૧૦૩૩૫૮૯ ધરાવે છે.. વીજબીલ મુજબ સદર સ્થળ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ એસ્ટ્રોન સોસાયટી રાજકોટ ખાતે ધરાવે છે. સદર વીજજોડાણ તા.૦૪–૦૫–૧૯૯૫ થી રીલીઝ કરાયેલ છે.

૪.૨ પીજીવીસીએલ પક્ષકાર દ્રારા વર્ષ ૨૦૧૭-૧૮ નાં ઓડીટ રિપોર્ટ મુજબ સદર ગ્રાહક ના વીજબીલમાં માહે એપ્રીલ –૧૩ થી ઇલેક્ટ્રિક ડ્યુટી (વિદ્યુત શુલ્ક) ૧૧.૨૫% લેવામાં આવતી **હતી- જેમાં** વિદ્યુત શુલ્ક ૧૫% મુજબ લેવાનો થતો હતો. જે અન્વયે તફાવતીય વિદ્યુત શુલ્કની રકમ માહે એપ્રીલ –૧૩ થી માહે માર્ચ–૧૯ સુધી રૂ.૪૪,૧૯૧/૧૯ ભરપાઈ કરવા અરજદારને પેટા વિભાગીય કચેરીના પત્ર તા.૧૫–૦૭–૧૯ થી જાણકારી આપેલ છે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદારની રજુઆત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે – આર.આર.પટેલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનુ સ્થળ – અમીનમાર્ગ અમૃત રેસી. સામે રાજકોટ ખાતે ફેરવેલ હોય – જે સ્થળ બદલી અંગેનો પરીપત્ર સૌરાષ્ટ્ર યુની. ના પત્ર નં.– જોડાણ/૨/૩૧૭૨/૨૦૧૪ તા.૦૧–૦૨–૧૪ મુજબ – સદર બદલાવેલ સ્થળ બદલેલ હોય – જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્રારા જે વીજકર લેવાયેલ હતો – તે યોગ્ય હોય – પરંતુ ફરીયાદી અરજદાર દ્રારા સદર સ્થળ ફેરફાર અંગેની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં – જે તે સમયે રજુ કરેલ હોય – તેવા કોઈ આધાર–પુરાવા રજુ કરાયેલ નથી.

૪.૪ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૮૪ મા કરાયેલ જોગવાઈ નીચે મુજબ છે. '' કોઈપણ ગ્રાહક પાસે ચુકવણીમાં કસુરને કારણે બાકી નિકળતી રકમ, આવી રકમ પ્રથમ બાકી નિકળે તે તારીખ થી ૦૨ વર્ષની મુદત પછી વસુલવા પાત્ર થશે નહિ, સીવાયકે આવી રકમ, અધિનિયમની કલમ –૫૬ અનુસાર પુરી પાડેલી વીજળી તરીકે સતત દર્શાવવામા આવી હોય''

૪.૫ ઉપરોકત મુદદા નં. ૪.૩ અને ૪.૪ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્રારા – ઓડિટ રીકવરી મુજબ વિદ્યુત શુલ્ક વસુલવા બાબતેની પ્રથમ જાણકારી અરજદારને તા.૧૫–૦૭–૧૯ ના રોજ કરાયેલ હતી. જેથી સદર ફરીયાદી અરજદાર પાસેથી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૮૪ મા કરાયેલ જોગવાઈ મુજબ – છેલ્લા ૦૨ વર્ષ સુધીજ ઓડિટ રીકવરીની રકમ વસુલાત કરી શકાય. તે મુજબ – સદર ફરીયાદી અરજદારને સદર બાબતે વસુલવા પાત્ર થતી રકમ નુ રીવાઇઝડ બીલ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૫ મા પાઠવવા બાબતેનો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. જે રકમ અરજદારે નિયમાધીન ભરપાઈ કરવાની રહેશે.

૪.૬ ઉપરોકત મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)

સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯